| | |
|---|---|
| રજૂ થયા તારીખ | 17-11-2017 |
| દાખલ થયા તારીખ | 17-11-2017 |
| ફેસલ થયા તારીખ | 20-04-2026 |

**રાણપુરના મહે. જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની અદાલતમાં, મુ.રાણપુર,બોટાદ**

ફો.કે નં: 537/2017

આંક-

શ્રી સરકાર ........ .......... ફરિયાદી

વિરુદ્ધ

(1) ડાયાભાઈ ગોવિંદભાઈ જાદવ ,ઉ.વ.48,રહે.રેફડા, તા.બરવાળા જી.બોટાદ

......... .........આરોપી

**ગુનો: આર્મ્સ એક્ટ કલમ-25(1)(બી)(એ)**

**ફરિયાદી તરફે: વિ.એ.પી.પી.શ્રી એ.એસ.રાઠોડ**

**આરોપી તરફે : વિ.વ.શ્રી.જી.એમ.પરમાર**

**:ઠરાવ:**

1. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જામા ગે.કા. રીતે સક્ષમ અધિકારી શ્રીએ ઇસ્યુ કરેલ લાયસન્સ વગર એક હાથ બનાવટનો દેશી તમંચો કિ રૂપીયા ૫૦૦૦/- નો રાખી આર્મ્સ એકટની કલમ-૨૫(૧)(બી) (એ) મુજબનો ગુનો કરેલ હોય, તપાસ

દરમ્યાન આરોપીઓ વિરુદ્ધ પુરતા પુરાવા પડેલ હોય, જેથી પડેલ પુરાવાઓ પરથી તહોમતદાર વિરુદ્ધ ઈનસાફ થવા સારૂ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ.

2. આ કામે આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયા ની ખાતરી કર્યા બાદ આંક 06 થી આરોપી વિરુદ્ધ તોહમતનામુ ફરમાવી આરોપીને આંક-07 થી પ્લી વાંચી સંભળાવી સમજાવી નોંધતા આરોપીઓએ ગુનો કર્યા નો ઇનકાર કરતા આરોપીઓ સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

3. આ કામે ઉપરોક્ત ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે નીચે મુજબનો પુરાવો રજૂ કરેલ છે.

**-: ફરિયાદ પક્ષ નો મૌખિક પુરાવો: -**

| ક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| 1 | 12 | ભગીરથભાઈ જોરુભાઈ બોરિયની જુબાની |
| 2 | 09 | પંચ ઈમ્તિયાઝભાઈ યુનુસભાઈ ગાંજાની જુબાની |
| 3 | 11 | પંચ તોફિકભાઈ ઇકબાલભાઈ નીયાતરની જુબાની |
| 4 | 15 | નાગજીભાઇ મોતીભાઈ ચૌહાણ ની જુબાની |
| 5 | 18 | પરાક્રમસિંહ મોતીભાઈ ચૌહાણની જુબાની |
| 6 | 14 | મહાવીરસિંહ બનેહસિંહની જુબાની |
| 7 | 21 | બાવકુભાઈ કનુભાઈ ખાચરની જુબાની |
| 8 | 27 | દિલીપભાઈ ખીમજીભાઈ વાઘેલાની જુબાની |
| 9 | 23 | રાહુલભાઇ બોધાભાઈ કરમટિયાની જુબાની |

| | | |
|---|---|---|
| 10 | 32 | સતિષભાઈ નારુભાઈ રામાણીની જુબાની |

**-:ફરિયાદ પક્ષ નો લેખિક પુરાવો: -**

| ક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| 1 | 13 | ફરિયાદ |
| 2 | 10 | પંચનામુ |
| 4 | 19 | હથિયારબાંધી જાહેરનામુ |
| 5 | 28 | રવાનગી તથા અભિપ્રાય |
| 6 | 24 | ચાર્જશીટ કરવાનો મંજુરીપત્ર |
| 7 | 33 | જિલ્લા મેજિસ્ટ્રેટનો ચાર્જશીટ કરવાનો મંજૂરીપત્ર |
| 8 | 34 | ફોરવર્ડિંગ લેટર |
| 9 | 35 | એફ.એસ.એલ અભિપ્રાય |

4. ઉપરોક્ત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા બાદ આ કામે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા પૂરતો પુરાવો જણાઈ આવતો ના હોય કલમ 313 હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ.ત્યારબાદ બન્ને પક્ષો તરફે દલીલો સાંભળવામાં આવેલ.

5. આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

    1. શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જામા ગે.કા. રીતે સક્ષમ અધિકારી શ્રીએ ઇસ્યુ કરેલ લાયસન્સ વગર એક હાથ બનાવટનો દેશી તમંચો કિ

રૂપીયા ૫૦૦૦/- નો રાખી આર્મ્સ એકટની કલમ-૨૫(૧)(બી) (એ) મુજબનો ગુનો કરેલ કરેલ છે ?

2. શું હુકમ?

6. ઉપરોક્ત મુદ્દા અંગેના કારણો નીચે મુજબ છે.

1. નકારમાં
2. આખરી હુકમ મુજબ

<u>નિર્ણય માટેના કારણો -:</u>

<u>મુદ્દા નં.૧ અને ૨-:</u>

7. ફરિયાદપક્ષે આંક-15 થી સાહેદ નાગજીભાઈ મોતીભાઈ ચૌહાણને તપાસેલ છે.તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે ગઈ તારીખ ૧૫/૦૪/૨૦૧૭ ના રોજ અમો તથા પો.સ.ઈ.શ્રી. બી.કે. ખાચર તથા પો.સ્ટાફ સાથે કલાક ૨૩/૦૦ વાગે રાણપુર પો.સ્ટે. વિસ્તારમાં કોમ્બીંગ નાઈટ રાઉન્ડમાં હતા તે દરમ્યાન પેટ્રોલીંગ કરતા કરતા તારીખ ૧૬/૦૪/૨૦૧૭ ના રોજ કલાક ૦૩/૪૫ વાગે બગડ ગામના બસ સ્ટેન્ડ પાસે આવતા એક ઈસમ પોલીસને જોઈને નાસવા જતા તેને પકડી તેની પુછપરછ કરી તે શંકાસ્પદ જણાતા તેની અંગ જડતી કરતા તેના પેન્ટના નેફામાંથી એક હાથ બનાવટી દેશી બટ, બોડી અને બેરલ વાળો તમંચો મળી આવેલ જેથી તુરત જ બે પંચો બોલાવી પંચોને સમજ કરી પંચો રૂબરૂમાં મજકુરનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ ડાયાભાઈ ગોવિંદભાઈ જાદવ, ઉ.વ.૪૮, રહે. રેફડા, તા.બરવાળા વાળો હોવાનુ જણાવેલ અને મજકુર પાસેથી મળી આવેલ તમંચા બાબતે તમંચો પોતાના કબ્જામાં રાખવા બાબતે સક્ષમ સત્તાધિકારીશ્રીએ ઈસ્યુ કરેલ લાયસન્સ માગતા પોતાની પાસે તે નહી હોવાનું જણાવેલા જે તમંચો જોતા દેશી બનાવટનો સીંગલ બેરલ લોખંડ ધાતુની અને સફેદ જેવી બટની બન્ને બાજુ ફાઈલર જેવી પટ્ટી વાળી બે સ્ક્રુથી ફીટ કરેલ તેમજ બેરલની લંબાઈ ૮ ઈંચ તથા તમંચાની કુલ લંબાઈ આશરે ૧૨ ઈંચ જેટલી હતી. જે તમંચાની કિ.રુપિયા ૫૦૦૦/- ગણી પારદર્શક બોક્ષમાં મુકી પંચનામાંની વિગતે કબ્જે કરેલ. પંચનામુ કલાક

૦૩/ ૪૫ થી ૦૪/૩૦ સુધીનુ સાથેના પો.સ.ઈ.શ્રી રૂબરૂનુ કરેલ અને આરોપી વિરૂધ્ધમાં આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧)બી,એ, મુજબની ફરિયાદ સરકારશ્રી તરફે સાથેના અ.પો.કો. ભગીરથભાઈ બોરીયા નાઓએ આપેલી અને અમો કામગીરીમાં સાથે રહેલા જેથી અમોનુ નિવેદન લેવામાં આવેલું. આરોપી આજ રોજ કોર્ટમાં હાજર હોય તો હું ઓળખી શકુ. આરોપી કોર્ટમાં હાજર છે તે જ છે

સદર સાહેદની બચાવપક્ષ ઊલટતપાસ કરતા તે ઊલટતપાસમાં જણાવે છે કે એ વાત ખરી છે કે મહાવીરસિંહ બનેસિંહ, પરાક્રમસિંહ અનોપસિંહ ઝાલા અને ભણીરથનાઈ બોરીયા અમારા સાથી કર્મચારીઓ છે તથા પો.સ.ઈ.શ્રી. બી.કે.ખાચર અમોના અધિકારી છે. એ વાત ખરી છે કે એસ.ઓ.જી.ની ઓફીસ બોટાદ મુકામે આવેલ છે.એ વાત ખરી છે કે બોટાદથી રાણપુર થી બગડ આશરે ૧૨ કિ.મી. જેટલા અંતરે આવેલ છે.એ વાત ખરી છે કે ૧૨ કિ.મી.નુ અંતર આશરે ૧૫ થી ૨૦ મીનીટમાં સરકારી વાહનમાં કાપી શકાય છે.એ વાત ખરી નથી કે કોમ્બીંગ પેટ્રોલીંગમાં જવાનુ હોય ત્યારે રુટ અગાઉથી નક્કી કરેલ હોય. એ વાત ખરી છે કે તેની નોંધ સરકારી વાહનની લોગ બુકમાં નોંધ કરવી પડે. એ વાત ખરી છે -આ લોગબુકનો ઉતારો આ કામના તપાસ અધિકારીએ અમારી રુબરૂ મેળવેલ નહી. એ વાત ખરી છે કે મે મારા નિવેદનમાં પંચોના નામો જણાવેલ નથી. એ વાત ખરી છે કે પંચોને કોણ બોલાવા ગયેલુ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે રાણપુર કે બરવાળા તાલુકાની તમા વ્યક્તિઓને હું ઓળખી શકુ નહી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવનો સમય રાત્રિનો હતો. એ વાત ખરી છે કે રાત્રિનો સમય હોય તે સમયે આજુબાજુ વાળા સુતેલા હોય. એ વાત ખરી કે કે અમો રૂબરૂ પ્રાથમિક પંચનામું કરવામાં આવેલ નથી. સાહેદ સ્વૈચ્છાથી જણાવે છે કે પ્રાથમિક પંચનામું પોલીસ કોન્સ્ટેબલ કર્મચારી રૂબરૂમાં થઈ શકે નહીં. એ વાત ખરી છે અમારી રુબરુ હાજર પોલીસ અધિકારી, પંચો એકબીજાની અંગજડતી કરી હોય અને વાહનની જડતી કરી હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી કે આરોપીને અટક કરેલ નથી. એ વાત ખરી નથી કે આ કામના ફરિયાદી અમારા સાથી કર્મચારી હોય ફરિયાદના સમર્થનમાં આજરોજ ખોટી જુબાની સહુ છું.

8.ફરિયાદપક્ષે આંક-12 થી ભગીરથભાઈ જોરુભાઈ બોરિયાને તપાસેલ છે.તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે ગઈ તારીખ ૧૬/૦૪/૨૦૧૭ ના રોજ અમો તથા પો.સ.ઈ.શ્રી. બી.કે. ખાચર તથા પો.સ્ટાફ સાથે તારીખ ૧૫/૦૪/૨૦૧૭ ના કલાક ૨૩/૦૦ વાગે રાણપુર પો.સ્ટે. વિસ્તારમાં કોમ્બીંગ નાઈટ રાઉન્ડમાં હતા તે દરમ્યાન પેટ્રોલીંગ કરતા કરતા તારીખ ૧૬/૦૪/૨૦૧૭ ના રોજ કલાક ૦૩/૪૫ વાગે બગડ ગામના બસ સ્ટેન્ડ પાસે આવતા એક ઈસમ પોલીસને જોઈને નાસવા જતા તેને પકડી તેની પુછપરછ કરી તે શંકાસ્પદ જણાતા તેની અંગ જડતી કરતા તેના પેન્ટના નેફામાંથી એક હાથ બનાવટી દેશી બટ, બોડી અને બેરલ વાળો તમંચો

મળી આવેલ જેથી તુરત જ બે પંચો બોલાવી પંચોને સમજ કરી પંચો રૂબરૂમાં મજકુરનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ ડાયાભાઈ ગોવિંદભાઈ જાદવ ઉ.વ.૪૮, રહે. રેફડા, તા.બરવાળા વાળો હોવાનુ જણાવેલ અને મજકુર પાસેથી મળી આવેલ તમંચા બાબતે તમંચો પોતાના કબ્જામાં રાખવા બાબતે સક્ષમ સત્તાધિકારીશ્રીએ ઈસ્યુ કરેલ લાયસન્સ માગતા પોતાની પાસે તે નહીં હોવાનુ જણાવેલ જે તમંચો જોતા દેશી બનાવટનો સીંગલ બેરલ લોખંડ ધાતુની અને સફેદ જેવી બટની બન્ને બાજુ ફાઈબર જેવી પટ્ટી વાળી બે થી ફીટ કરેલ તેમજ બેરલની લંબાઈ ૮ ઈંચ તથા તમંચાની કુલ લંબાઈ આશરે ૧૨ ઈંચ જેટલી હતી જે તમંચાની કિ.રુપિયા ૫૦૦૦/-ગણી પારદર્શક બોક્ષમાં મુકી પંચનામાંની વિગતે કબ્જે કરેલ. પંચનામુ કલાક ૦૩/૪૫ થી ૦૪/૩૦ સુધીનુ સાથેના પોસ.ઈ.શ્રી રૂબરૂનુ કરેલ અને આરોપી વિરૂધ્ધમાં આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧)બી,એ, મુજબની ફરિયાદ સરકારશ્રી તરફે આપેલી. મને એક અસલ ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું જેને રજુ દાખલ આંક.. આપવામાં આવે છે. આરોપી આજ રોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

સદર સાહેદ બચાવપક્ષના વિ.વ.શ્રીએ લીધેલ ઊલટતપાસમાં જણાવે છે કે એ વાત ખરી છે કે નાગજીભાઈ મોતીભાઈ, પરાક્રમસિંહ અનોપસિંહ ઝાલા અને મહાવીરસિંહ બનેસિંહ ગોહિલ અમારા સાથી કર્મચારીઓ છે તથા પો.સ.ઈ.શ્રી. બી.કે.ખાચર અમોના ઉપરી અધિકારી છે. એ વાત ખરી છે કે એસ.ઓ.જી.ની ઓફીસ બોટાદ મુકામે આવેલ છે. એ વાત ખરી છે કે બોટાદથી રાણપુર થી બગડ આશરે ૧૨ કિ.મી. જેટલા અંતરે આવેલ છે. એ વાત ખરી છે કે કિ.મી.નુ અંતર આશરે ૧૫ થી ૨૦ મીનીટમાં સરકારી વાહનમાં કાપી શકાય એ વાત ખરી છે કે કોમ્બીંગ પેટ્રોલીંગમાં જવાનુ હોય ત્યારે રુટ અગાઉથી નક્કી કરેલ હોય તેની નોંધ સરકારી વાહનની નોંધ કરવી પડે. સાહેદ સ્વૈચ્છાથી જણાવે છે કે રુટ નક્કી ના હોય. એ વાત ખરી છે કે આ લોગબુકનો ઉતારો આ કામના તપાસ અધિકારીએ અમારી લીધેલ મેળવેલ નહીં. એ વાત ખરી છે કે મે મારી ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે પંચોને કોણ બોલાવા ગયેલુ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે રાણપુર કે બરવાળા તાલુકાની તમામ વ્યક્તિઓને હું ઓળખી શકુ નહી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવનો સમય રાત્રિનો હતો. એ વાત ખરી છે કે રાત્રિનો સમય હોય તે સમયે આજુબાજુ વાળા સુતેલા હોય. એ વાત ખરી છે કે અમો રૂબરૂ પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. સાહેદ સ્વૈચ્છાથી જણાવે છે કે પ્રાથમિક પંચનામુ પોલીસ કોન્સ્ટેબલ કર્મચારી રૂબરૂમાં થઈ શકે નહીં. એ વાત ખરી છે કે અમારી રુબરુ હાજર પોલીસ અધિકારી, પંચો એકબીજાની અંગજડતી કરી હોય અને સરકારી વાહનની જડતી કરી હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી કે આરોપીને અટક કરેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ

બનેલ નથી અને કહેવાતો બિનવારસી મુદ્દામાલ કહેવાતા આરોપીના નામે બોલાવી ખોટી ફરિયાદ કરી તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ

9. ફરિયાદપક્ષે આંક - 12 થી ભગીરથભાઈ જોરુભાઈ બોરિયાની જુબાની લીધેલ છે.તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે તારીખ ૧૬/૦૪/૨૦૧૭ ના રોજ અમો તથા પો.સ.ઈ.શ્રી. બી.કે. ખાચર તથા પો.સ્ટાફ સાથે તારીખ ૧૫/૦૪/૨૦૧૭ ના કલાક ૨૩/૦૦ વાગે રાણપુર પો.સ્ટે. વિસ્તારમાં કોમ્બીંગ નાઈટ રાઉન્ડમાં હતા તે દરમ્યાન પેટ્રોલીંગ કરતા કરતા તારીખ ૧૬/૦૪/૨૦૧૭ ના રોજ કલાક ૦૩/૪૫ વાગે બગડ ગામના બસ સ્ટેન્ડ પાસે આવતા એક ઈસમ પોલીસને જોઈને નાસવા જતા તેને પકડી તેની પુછપરછ કરી તે શંકાસ્પદ જણાતા તેની અંગ જડતી કરતા તેના પેન્ટના નેફામાંથી એક હાથ બનાવટી દેશી બટ, બોડી અને બેરલ વાળો તમંચો મળી આવેલ જેથી તુરત જ બે પંચો બોલાવી પંચોને સમજ કરી પંચો રૂબરૂમાં મજકુરનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ ડાયાભાઈ ગોવિંદભાઈ જાદવ ઉ.વ.૪૮, રહે. રેફડા, તા.બરવાળા વાળો હોવાનુ જણાવેલ અને મજકુર પાસેથી મળી આવેલ તમંચા બાબતે તમંચો પોતાના કબ્જામાં રાખવા બાબતે સક્ષમ સત્તાધિકારીશ્રીએ ઈસ્યુ કરેલ લાયસન્સ માગતા પોતાની પાસે તે નહીં હોવાનુ જણાવેલ જે તમંચો જોતા દેશી બનાવટનો સીંગલ બેરલ લોખંડ ધાતુની અને સફેદ જેવી બટની બન્ને બાજુ ફાઈબર જેવી પટ્ટી વાળી બે થી ફીટ કરેલ તેમજ બેરલની લંબાઈ ૮ ઈંચ તથા તમંચાની કુલ લંબાઈ આશરે ૧૨ ઈંચ જેટલી હતી જે તમંચાની કિ.રુપિયા ૫૦૦૦/-ગણી પારદર્શક બોક્ષમાં મુકી પંચનામાંની વિગતે કબ્જે કરેલ. પંચનામુ કલાક ૦૩/૪૫ થી ૦૪/૩૦ સુધીનુ સાથેના પોસ.ઈ.શ્રી રૂબરૂનુ કરેલ અને આરોપી વિરૂધ્ધમાં આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧)બી,એ, મુજબની ફરિયાદ સરકારશ્રી તરફે આપેલી. મને એક અસુલ ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે. આરોપી આજ રોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

સદર સાહેદ બચવપક્ષ ના વિ.વ.શ્રી દ્વારા લીધેલ ઊલટતપાસમાં જણાવે છે કે  એ વાત ખરી છે કે નાગજીભાઈ મોતીભાઈ, પરાક્રમસિંહ અનોપસિંહ ઝાલા અને મહાવીરસિંહ બનેસિંહ ગોહિલ અમારા સાથી કર્મચારીઓ છે તથા પો.સ.ઈ.શ્રી. બી.કે.ખાચર અમોના ઉપરી અધિકારી છે. એ વાત ખરી છે કે એસ.ઓ.જી.ની ઓફીસ બોટાદ મુકામે આવેલ છે. એ વાત ખરી છે કે બોટાદથી રાણપુર થી બગડ આશરે ૧૨ કિ.મી. જેટલા અંતરે આવેલ છે. એ વાત ખરી છે કે કિ.મી.નુ અંતર આશરે ૧૫ થી ૨૦ મીનીટમાં સરકારી વાહનમાં કાપી શકાય એ વાત ખરી છે કે કોમ્બીંગ પેટ્રોલીંગમાં જવાનુ હોય ત્યારે રુટ અગાઉથી નક્કી કરેલ હોય તેની નોંધ સરકારી વાહનની નોંધ કરવી પડે. સાહેદ સ્વૈચ્છાથી જણાવે છે કે રુટ નક્કી ના હોય. એ વાત ખરી છે કે આ લોગબુકનો ઉતારો આ કામના તપાસ અધિકારીએ અમારી લીધેલ મેળવેલ નહીં. એ વાત ખરી છે કે મે મારી ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે પંચોને કોણ

બોલાવા ગયેલુ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે રાણપુર કે બરવાળા તાલુકાની તમામ વ્યક્તિઓને હું ઓળખી શકુ નહી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવનો સમય રાત્રિનો હતો. એ વાત ખરી છે કે રાત્રિનો સમય હોય તે સમયે આજુબાજુ વાળા સુતેલા હોય. એ વાત ખરી છે કે અમો રૂબરૂ પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. સાહેદ સ્વૈચ્છાથી જણાવે છે કે પ્રાથમિક પંચનામુ પોલીસ કોન્સ્ટેબલ કર્મચારી રૂબરૂમાં થઈ શકે નહીં. એ વાત ખરી છે કે અમારી રુબરુ હાજર પોલીસ અધિકારી, પંચો એકબીજાની અંગજડતી કરી હોય અને સરકારી વાહનની જડતી કરી હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી કે આરોપીને અટક કરેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ નથી અને કહેવાતો બિનવારસી મુદ્દામાલ કહેવાતા આરોપીના નામે બોલાવી ખોટી ફરિયાદ કરી તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.

10. ફરિયાદપક્ષે આંક -23 થી આર. બી. કર્મટિયા ની જુબાની લીધેલી છે.તેઓ તેમની જુબાની માં જણાવે છે કે  અમો વર્ષ ૨૦૧૭ માં રાણપુર પોલીસ સ્ટેશનના ચાર્જમાં હતા ત્યારે રાણપુર પો.સ્ટે.સે.ગુ.ર.નં.૫૪/૧૭, આર્મ્સ એકટ કલમ ૨૫(૧) તથા ૨૫(૧)બી,એ,ના ગુનાના કામેની તપાસ અમારી પાસે આવેલી હોય આ કામે અમોએ આર્મ્સ એકટની કલમ ૩૯ મુજબ ચાર્જશીટ કરવાની મંજુરી તા.૧૧/૯/૧૭ ના રોજ આરોપી ડાયાભાઈ ગોવિંદભાઈ જાદવ રહે.રેફડા પોતાના કબજામાં ગે.કા. રીતે તા.૧૬/૪/૧૭ ના રોજ કલાક ૪/૩૦ વાગ્યે બગડ ગામે પકડાયેલ હોય જેથી અમોએ મે.બોટાદના કલેકટર સા. પાસેથી ચાર્જશીટ કરવા અંગેની મંજુરી માંગેલી જે પત્રક જા.નં.૧૭૦૬/૨૦૧૭જેમા ઈ.ચા. પી.એસ.આઈ. તરીકે અમારી સહી છે.રાણપુર પોલીસ સ્ટેશનના રેગ્યુલર થાણા અધિકારીની નીમણુક થતા અમોએ તપાસ સોપેલ હતી.

11. ફરિયાદપક્ષે આંક-18 થી પરાક્રમસિંહ ઝાલાની જુબાની લીધેલી છે.તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે  ગઈ તારીખ ૧૬/૦૪/૨૦૧૭ ના રોજ અમો તથા પો.સ.ઈ.શ્રી બીકે, ખાચર તથા પો સ્ટાફ સાથે તારીખ ૧૫/૦૪/૨૦૧૭ ના કલાક ૨૩/૦૦ વાગે રાણપુર પો.સ્ટે. વિસ્તારમાં કોમ્બીંગ નાઈટ રાઉન્ડમાં હતા તે દરમ્યાન પેટ્રોલીંગ કરતા કરતા તારીખ ૧૬/૦૪/૨૦૧૭ ના રોજ કલાક ૦૩/૪૫ વાગે બગડ ગામના બસ સ્ટેન્ડ પાસે આવતા એક ઈસમ પોલીસને જોઈને નાસવા જતા તેને પકડી તેની પુછપરછ કરી તે શંકાસ્પદ જણાતા તેની અંગ જડતી કરતા તેના પેન્ટના નેફામાંથી એક હાથ બનાવટી દેશી બટ, બોડી અને બેરલ વાળો તમંચો મળી આવેલ જેથી તુરત જ બે પંચો બોલાવી પંચોને સમજ કરી પંચો રૂબરૂમાં મજકુરનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ ડાયાભાઈ ગોવિંદભાઈ જાદવ ઉ.વ.૪૮, રહે. રેફડા, તા.બરવાળા વાળો હોવાનુ જણાવેલ અને મજકુર પાસેથી મળી આવેલ તમંચા બાબતે તમંચો પોતાના કબ્જામાં રાખવા બાબતે સક્ષમ સત્તાધિકારીશ્રીએ ઈસ્યુ કરેલ લાયસન્સ માગતા પોતાની પાસે તે નહીં હોવાનુ જણાવેલ જે તમંચો જોતા

દેશી બનાવટનો સીંગલ બેરલ લોખંડ ધાતુની અને સફેદ જેવી બટની બન્ને બાજુ ફાઈબર જેવી પટ્ટી વાળી બે સ્ક્રૂથી કીટ કરેલ તેમજ બેરલની લંબાઈ ૮ ઈંચ તથા તમંચાની કુલ લંબાઈ આશરે ૧૨ ઈંચ જેટલી હતી જે તમંચાની કિ. રુપિયા ૫૦૦૦/-ગણી પારદર્શક બોક્ષમાં મુકી પંચનામાંની વિગતે કબ્જે કરેલ પંચનામુ કલાક ૦૩/૪૫ થી ૦૪/૩૦ સુધીનુ સાથેના પોરા.ઈ.શ્રી રૂબરૂનુ કરેલ અને આરોપી વિરૂધ્ધમાં આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧)બી,એ, મુજબની ફરિયાદ સરકારશ્રી તરફે સાથેના અ.પો.કો. ભગીરથભાઈ બોરીયા નાઓએ કામગીરીમાં સાથે રહેલા જેથી અમોનુ નિવેદન લેવામાં આવેલ આરોપી આજ રોજ આપેલી અને આરોપી કોર્ટમાં હાજર હોય તો હું ઓળખી શકુ. આરોપી કોર્ટમાં હાજર છે તે જ છે.

સદર સાહેદ બચપક્ષે લીધેલ ઊલટતપાસમાં જણાવે છે કે  એ વાત ખરી છે કે નાગજીભાઈ મોતીભાઈ, મહાવિરસિંહ બનેસિંહ ગોહિલ અને ભગીરથભાઈ બોરીચા અમારા સાથી કર્મચારીઓ છે તથા પો.સ.ઈ.શ્રી. બી.કે.ખાચર અમોના ઉપરી અધિકારી છે. એ વાત  ખરી છે કે એસ.ઓ.જી.ની ઓફીસ બોટાદ મુકામે આવેલ છે. એ વાત ખરી છે કે બોટ પૂત્ર રાણપુર થી બગડ આશરે ૧૨ કિ.મી. જેટલા અંતરે આવેલ છે. એ વાત ખરી છે કે ૧૨ કિ.મી. નુ અંતર આશરે 10 થી 15 મીનીટમાં સરકારી વાહનમાં કાપી શકાય. એ વાત ખરી નથી કે કોમ્બીંગ પેટ્રોલીંગમાં જવાનુ હોય ત્યારે રુટ અગાઉથી નક્કી કરેલ હોય. એ વાત ખરી છે કે તેની નોંધ સરકારી વાહનની લોગ બુકમાં નોંધ કરવી પડે. એ વાત ખરી છે કે આ લોગબુકનો ઉતારો આ કામના તપાસ અધિકારીએ અમારી રુબરૂ મેળવેલ નહી. એ વાત ખરી છે કે મે મારા નિવેદનમાં પંચોના નામો જણાવેલ નથી. એ વાત ખરી છે કે પંચોને કોણ બોલાવા ગયેલુ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે રાણપુર કે બરવાળા તાલુકાની તમામ વ્યક્તિઓને હું ઓળખી શકુ નહીં. એ વાત ખરી છે કે કહેવાતા બનાવનો સમય રાત્રિનો હતો. એ વાત ખરી છે કે રાત્રિનો સમય હોય તે સમયે આજુબાજુ વાળા સુતેલા હોય. એ વાત ખરી છે કે અમો રૂબરૂ પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. સાહેદ સ્વૈચ્છાથી જણાવે છે કે પ્રાથમિક પંચનામુ પોલીસ કોન્સ્ટેબલ કર્મચારી રૂબરૂમાં થઈ શકે નહી. એ વાત ખરી છે કે અમારી રુબરુ હાજર પોલીસ અધિકારી, પંચો એકબીજાની અંગજડતી કરી હોય અને સરકારી વાહનની જડતી કરી હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી કે આરોપીને અટક કરેલ નથી. એ વાત ખરી નથી કે આ કામના ફરિયાદ અમારા સાથી કર્મચારી હોય ફરિયાદના સમર્થનમાં આજ રોજ ખોટી જુબાની આપુ છું.

12. ફરિયાદપક્ષે આંક-21 થી બાવકુભાઈ ખાચરની જુબાની લીધેલ છે.તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે  ગઈ તારીખ ૧૫/૪/૧૭ના રોજ અમો એ.ઓ.જી.શાખા બોટાદ જીલ્લામા ફરજ બજાવતા હતા અને રાણપુર પોલીસ સ્ટેશનમાં વધારાનો ચાર્જ અમારી પાસે હતો. તા 1૫/૪/૧૭ નાઈટમાં પેટ્રોલીંગ દરમયાન

પેટ્રોલીગમાં ફરતા ફરતા તા. ૧૬/૪/૧૭ ના કલાક ૩:૪૫ વાગ્યે બગડ ગામના બસ સ્ટેન્ડ પહોચતા એક ઈસમ અમો પોલીસને જોયા ને ભાગવા લાગતા શંકાસ્પંદ જણાતા તેને પકડી પુછપરછ કરતા અંગઝડતી કરતા તેના પેન્ટના કમરના નેફામાંથી એક હાથ બનાવટી દેશી બટ બોળી અને બેરલવાળો એક તંમચો મળી આવેલ જેથી તુરત જ બે રાહદારી પંચો બોલાવી પંચોન સમજ કરી પંચો રૂબરૂ નામઠામ પુંછતા પોતાનુ નામ ડાયાભાઈ ગોવિદભાઈ જાદવ ઉ.વ. ૪૮ રહે. રેફડા ગામવાળા હોવાનું જણાવેલ. આ તંમચો રાખવા બાબતે પુછતા પાસ પરમીટ બાબતે પુછતા નહી હોવાનું જણાવેલ. જેથી તા. ૧૬/૪/૧૭ ના કલાક ૪:૩૦ વાગે ડાયાભાઈ ગોવિદભાઈ જાદવને પંચનામાની વિગતે અટક કરેલ અને મળી આવેલ તંમચો પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. ઉપરોકત બનાવની વિગતવારની ફરીયાદ સાથેના પો.કો. ભગીરથભાઈ જોરૂભાઈ બોરીચાનાઓ અમાર રૂબરૂ આપેલ.રાણપુર પોલીસ સ્ટેશનમાં ગુનો રજી. કરવામાં આવેલ અને રાણપુર પોલીસ સ્ટેશનના ચાર્જમાં અમો હોય તપાસ સંભાળેલ. લાનતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલ. ત્યારબાદ રાણપુર પોલીસ સ્ટેશનનો ચાર્જ પી.એસ.આઈ. ડી.કે વાઘેલાને સોપવામાં આવતા ચાર્જ તપાસ તેમને સોપ રાંડા છે. આરોપી કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકુ. હાજર છે તે જ છે.

સદર સાહેદ બચપક્ષે લીધેલ ઊલટતપાસમાં જણાવે છે કે એ વાત ખરી છે કે, ભગીસરભાઈ મોરૂભાઈ, નાગજીભાઈ મોતીભાઈ, પરાક્રમસિંહ અનોપસિંહ, મહાવીર બનેસિંહ, આ તમામ પોલીસ સ્ટાફના માણસો છે. એ વાત ખરી છે કે, અમોની એસ.ઓ.જી.ની ઓફીરા બોટાદ મુકામે આવેલી છે. એ વાત ખરી છે કે, અમો કહેવાતા બનાવ સમયે અમો રાણપુર પોલીસ સ્ટેશન પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. એ વાત ખરી છે કે, રાણપુર થી બોટાદ ૨૫ કીમી થાય છે. રાણપુર થી બગડ ૨૨ કીમીનુ અંતર થાય છે. એ વાત ખરી છે કે, સરકારી વાહનમાં ૨૦ થી ૨૫ કીમીનુ અંતર કાપતા ૨૦ થી ૨૫ મીનીટ જેટલો સમય લાગે. એ વાત ખરી નથી કે, પેટ્રોલીગમાં જવા અંગેની નોધ કરવી પડે. એ વાત ખરી છે કે, સરકારી વાહનમાં રાખવામાં આવેલ લોગબુકમાં કયા રૂટ પર સરકારી વાહન કેટલા કીમી અને કઈ જગાએથી કઈ જગાએ લઈ જવામાં આવેલ તેની નોંધ કરવી પડે. એ વાત ખરી છે કે, આ કામે મે સ્ટેશન ડાયરી કે લોગબુકની નોધ મે તપાસ કરનાર અધિકારી તરીકે મે મેળવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે ફરીયાદમાં કે કોઈ નીવેદનમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે પ્રાથમિક ભાગનુ પંચનામું કરવામાં આવેલ નથી. સાહેદ જણાવે છે કે બનાવ અંગે અગાઉથી બાતમી મળેલ ન હોય જેથી કરેલ નથી. એ વાત ખારી નથી કે, પંચોની હાજરીમાં કહેવાતા આરોપીઓ પાસેથી મુદામાલ  કબજે કરવામા આવેલ નથી. એ વાત ખરી નથી કે, પંચોની હાજરીમાં પંચનામું કરવામા આવેલ નથી પરંતુ પાછળથી પંચનામુ તૈયાર કરી માત્ર સહીઓ લીધેલ છે. એ વાત ખરી છે કે, મે પોલીસ કર્મચારી સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા

નથી. એ વાત ખરી છે કે, આ કામે ફરીયાદમાં કે નીવેદનોમાં કયા નંબરનુ વાહન લઈને પેટ્રલીંગમાં ગયેલ તેની વિગતો જણાવેલ નથી. એ વાત ખરી છે કે, બગડ ગામે બસ સ્ટેન્ડ પાસે ઘણા બધા રહેણાકના મકાન આવેલા છે. એ વાત ખરી છે કે, રાણપુર બરવાળાના તાલુકાના તમામ માણસોને હુ નામજોગ હુ ઓળખી શકુ નહી. એ વાત ખરી છે કે, આ કામે અન્ય કોઈ આરોપીઓં વિરુધ ગુનો દાખલ કરવામાં આવેલ નહી. એ વાત ખરી નથી કે પંચોની હાજરીમાં કોઈ મુદામાલ કબજે કરેલ નથી કે આરોપીને અટક કરેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી અમારા પોલીસ કર્મચારી હોય તેના સમર્થનમાં હુ ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરુધ પુરતા પુરાવા ન હોવા છતા ખોટી તપાસ કરેલ છે.એ વાત ખરી નથી કે આરોપી પાસેથી કોઈ હથિયાર મુદામાલ પંચો રૂબરૂ મુદામાલ કબજે કરેલ નથી પંરતુ બીનવારસી મુદામાલ આરોપીના નામે બતાવી ખોટી ફરીયાદ આપી તપાસના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

13. ફરિયાદપક્ષે આંક-27 થી દિલીપભાઈ ખીમજીભાઈ વાઘેલા ની જુબાની લીધેલ છે.તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે અમો વર્ષ ૨૦૧૭ માં રાણપુર પોલીસ સ્ટેશનના ફરજ બજાવતા હતા ત્યારે રાણપુર પો.સ્ટે.સે.ગુ.ર.નં.૫૪/૧૭, આર્મ્સ એકટ કલમ ૨૫(૧) તથા ૨૫(૧) બી,એ,ના ગુનાના કામેની તપાસ અમારી પાસે આવેલી. આ કામના આરોપીઓ પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે સક્ષમ અધિકારીના લાયસન્સ વગર હાથ બનાવટનો દેશી તં મચો કીમત રૂપિયા ૫૦૦૦/- નો રાખી મળી આવી ગુનો કર્યા અંગેની તપાસ અમો સમક્ષ આવતા તપાસના કામના પેપર્સો વંચાણે લીધા અને આરોપી પાસથે કબજે લેવામા આવેલ તંમચો ફોરેન્સીક તપાસ જરૂરી હોય જેથી એફ.એસ.એલ. માટે ગાંધીનગર સ્વાનગી કરેલી તેની સાથે સતા અંગેનુ પ્રમાણ પ્રત્ર જોડેલ. તે રવાનગી તથા પ્રમાણ પ્રત્ર ને રજુ દાખલ આંક.. આપવામા આવે છે. ત્યારબાદ અમોની બદલી થતા આગળની તપાસ પી.એસ.આઈ. આર.બી. કરમટીયાને સોપેલી.

14. ફરિયાદપક્ષે આંક-32 થી એસ.એન, રામાણીની  જુબાની લીધેલ છે.તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે ગઈ તારીખ ૨૫/૧૦/૧૭ ના રોજ અમારી બદલી રાણપુર પોલીસ સ્ટેશન ખાતે થતા સદરહુ ગુનાની તપાસ અમોએ પી.આઈ. એમ.એલ. જાલાસાહેબ પાસેથી સભાળી લીધેલી. સદરહુ ગુનાના કામે જીલ્લા મે. સાહેબશ્રીની ચાર્જશીટ કરવાની મંજુરી આવતા આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામા આવેલુ. જીલ્લા મેજી. કચેરી બોટાદની તા.૧૦/૧૧/૧૭ ના રોજની પરવાનગી મેળવી મે કામમા સામેલ રાખેલ જેમા જીલ્લા મેજી. સાહેબની સહી તથા હોદો અને સિકકો છે જે આ કામે રજુ દાખલ આંક.. આપવામા આવે છે. અમોએ તપાસ અર્થે કબજે લીધેલ તંમયોના એફ.એસ.એલ. રીપોર્ટ મેળવેલ છે જે રીપોર્ટમાં અભિપ્રાયમાં તંમચામા કુટેલા દારૂગોળા તથા રેડના અવશેષોના પુથથકરણ કરવામા આવેલુ જેમા પ્ર યોગશાળામાં સ્વીકાર્યા કર્યા અગાઉ ફાયરીંગ અર્થે ઉપયોગ થયેલાનુ જણાયેલ

તથા તં મચો ચાલુ હાલતમાં માલુમ પડેલ છે અને જો ફાયરીગ કરવામા આવે તો તેનાથી ઈજા તથા જાનહાની થઈ શકે છે.

સદર સાહેદ બચપક્ષે લીધેલ ઊલટતપાસમાં જણાવે છે કે એ વાત ખરી નથી કે, આ કામની તપાસ મે કરેલી નહી તેવુ કહેવાય. એ વાત ખરી છે કે, જીલ્લા મેજી. સાહેબની પરમીશન તથા ચાર્જશીટ કર્યા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી. એ વાત ખરી નથી કે આ કામે પુરતો પુરાવો ન હોવા છતા મેં આ કામે ખોટુ ચાર્જશીટ કરી તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે, આ કામે આરોપીઓને અટક કરેલા હોય કે તેને ઓળખતો નથી.

15. ફરિયાદપક્ષે આંક-09 થી પંચ સાહેદ ઇમિતિઆઝભાઈ યુનુસભાઈ ગાંજાની જુબાની લીધેલ છે.તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તા.૧૬/૦૪/૨૦૧૭ ના રોજ હુ રાણપુર પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતો હતો ત્યારે પોલીસ ` મને બોલાવેલ અને પંચનામા માં સહી કરવાનુ કહેતા મે સહી કરેલી. આ સિવાય બીજુ કાંઈ હુ જાણતો નથી. મે પંચનામં વાંચેલ નહી કે મને વાંચી સંભળાવવામાં આવેલ નહી. મને એક અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું. જે રજુ દાખલ આંક 10  આપવામા આવે છે.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી થી સાહેદને ફરી ગયેલા જાહેર કરવાની અરજ કરતા સાહેદને ભારતીય પુરાવા અધીનિયમની કલમ ૧૫૪ હેઠળ હોસ્ટાઈલ જાહેર કર્યા તથા એ.પી.પી.શ્રી ને સાહેદની ઉ.ત. કરવા માટે ની વિનંતી ગ્રાહય રાખી ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલ.તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે એ વાત ખરી નથી કે અમારી હાજરીમાં એક ઈસમ ડાયાભાઈ ગોવિંદભાઈ જાદવ રહે.રકડાવાળો હાજર હતો. એ વાત ખરી નથી કે, સદર ઈસમ પાસેથી મુદામાલ તમંચો પોલીસે હાજરીમા કબજે કરેલો.એ વાત ખરી નથી કે, સદર ઈસમની અટક અમારી હાજરીમાં થયેલી. એ વાત ખરી નથી કે કલાક ૦૩:૪૫ થી ૦૪:૩૦ સુધીનું વિગતવારનુ પંચનામુ અમારી હાજરીમાં લખવામાં આવેલું. એ વાત ખરી નથી કે આરોપીના બચાવમાં ખોટી જુબાની આપુ છુ.

સદર સાહેદ બચપક્ષે લીધેલ ઊલટતપાસમાં જણાવે છે કે એ વાત ખરી છે કે પોલીસે અમોની તૈયાર કરેલા કાગળ મા સહી કરાવેલી તથા . તેમા શુ વિગત લખી હતી તે હું જાણતો નથી. એ વાત ખરી છે કે આ સિવાય હુ કાંઈ જાણતો નથી.

16. ફરિયાદપક્ષે આંક-11 થી પંચ સાહેદ તોસિફભાઈ ઇકબાલભાઈ નીયાતરની જુબાની લીધેલ છે.તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તા.૧૬/૦૪/૨૦૧૭ ના રોજ હુ રાણપુર પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતો હતો ત્યારે પોલીસ ` મને બોલાવેલ અને પંચનામા માં સહી કરવાનુ કહેતા મે સહી કરેલી. આ સિવાય બીજુ કાંઈ હુ જાણતો નથી. મે પંચનામં વાંચેલ નહી કે મને વાંચી સંભળાવવામાં આવેલ નહી. મને એક અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમા પંચ નં.2 તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી થી સાહેદને ફરી ગયેલા જાહેર કરવાની અરજ કરતા સાહેદને ભારતીય પુરાવા અધીનિયમની કલમ ૧૫૪ હેઠળ હોસ્ટાઈલ જાહેર કર્યા તથા એ.પી.પી.શ્રી ને સાહેદની ઉ.ત. કરવા માટે ની વિનંતી ગ્રાહય રાખી ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલ.તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે એ વાત ખરી નથી કે અમારી હાજરીમાં એક ઈસમ ડાયાભાઈ ગોવિંદભાઈ જાદવ રહે.રકડાવાળો હાજર હતો. એ વાત ખરી નથી કે, સદર ઈસમ પાસેથી મુદામાલ તમંચો પોલીસે હાજરીમા કબજે કરેલો.એ વાત ખરી નથી કે, સદર ઈસમની અટક અમારી હાજરીમાં થયેલી. એ વાત ખરી નથી કે કલાક ૦૩:૪૫ થી ૦૪:૩૦ સુધીનું વિગતવારનુ પંચનામુ અમારી હાજરીમાં લખવામાં આવેલું. એ વાત ખરી નથી કે આરોપીના બચાવમાં ખોટી જુબાની આપુ છુ.

સદર સાહેદ બચપક્ષે લીધેલ ઊલટતપાસમાં જણાવે છે કે એ વાત ખરી છે કે પોલીસે અમોની તૈયાર કરેલા કાગળ મા સહી કરાવેલી તથા . તેમા શુ વિગત લખી હતી તે હું જાણતો નથી. એ વાત ખરી છે કે આ સિવાય હુ કાંઈ જાણતો નથી.

<u>પુરાવાનું મૂલ્યાંકન:-</u>

17. ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું બોલતા હોય છે સિવાય કે તેનાથી વિરુદ્ધ ની હકીકતો સાબિત કરવામાં આવે. જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદ ને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ માં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવવાની છણાવટ પર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો પુરાવો આજુબાજુના પરિબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. નામદાર સર્વોચ્ચ **અદાલતે સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરુદ્ધ લેખરાજ**

**(2000 સુપ્રીમ કોર્ટ કેસીસ 247 ક્રિમિનલ)** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ તમામ પરિબળો તેમ જ ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ અતિરેકના કારણે ફરિયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેઓ પુરાવો સ્વીકારી શકાય છે કારણ કે ક્યારેક આવી વિસંગતતા વિરોધાભાસ અગર તો અતિરેકતા સહિત એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતા ને નજર સમક્ષ રાખીને મૂલ્યાંકન કરવું જોઈએ. માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડિસકાર્ડ કરવો જોઈએ નહીં. સાહેદે આપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે કઈ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે બનાવ બન્યા બાદની સ્થિતિ સાહેદનું  જ્ઞાન બનાવ વખતના પરિબળો કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મૂલ્યાંકન કરવું જોઈએ.

18. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

19. આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી આરોપીઓ સામે આર્મ્સ એકટની કલમ-૨૫(૧)(બી)(એ) મુજબની અગત્યની હકિકતો નિઃશંકપણે શંકાથી પર પુરવાર કરવાની રહે છે. જેથી આર્મ્સ એકટની કલમ-૨૫(૧)(બી)(એ) ની સલંગન વ્યાખ્યાઓને ધ્યાને રાખવી અતી આવશ્યક અને જરૂરી જણાય આવે છે.

આર્મ્સ એકટની કલમ-૨૫(૧)(બી)(એ)માં એ સજાની જોગવાઈ છે અને તેનો ગુનો સમજવા માટે તેની સલંગન વ્યાખ્યાઓ ધ્યાને રાખવી અતિ આવશ્યક જરૂરી બને છે.

Section 5: Licence for manufacture, sale,ets., of arms and ammunition:

(1) No person shall-

(a) use, 1[manufacture, obtain, procure], sell transfer, convert, repair, test or prove, or

(b) expose or offer for sale or transfer or have in his possession for sale, transfer, conversion, repair, test or proof,

any firearm or any other arms of such class or description as may be prescribed or any ammunition, unless he holds in this behalf a licence issued in accordance with the provisions of this Act and the rules made thereunder:

(2) Notwithstanding anything contained in sub-section(1), a person may, without holding a licence in this behalf, sell or transfer any arms or ammunition which he lawfully possession for his own private use to another person who is entitled by virtue of this Act or any other law for the time being in force to have, or is not prohibited by this Act or such other law from having in his possession such arms or ammunition:

Provided that no firearm or ammunition in respect of which a licence is required under section 3 and no arms in respect of which a licence is under section 4 shall be so sold or transfered by any person unless-

(a) he has informed in writing the district magistrate having jurisdiction or the officer in charge of the nearest police station of his intention to sell or transfer such firearm, ammunition or other arms and the name and address of the person to whom he intends to sell or transfer such firearms, ammunition or the other arms, and

(b) a period of not less than forty-five days has expired after the giving of such information.

Section 11: Power to prohibit import or export of arms, etc.:

The Central Government may, by notification in the Official Gazette, prohibit the bringing into, or the taking out of, India, arms or ammunition of such classes and descriptions as may be specified in the notification.

SECTION 25: PUNISHMENT FOR CERTAIN OFFENCES:

25(1) Whoever-

(a) 1[manufactures, obtains, procures], sells, transfers, converts, repairs, tests or proves, or exposes or offers for sale or transfer, or has in his possession for sale, transfer, conversion, repair, test or proof, any arms or ammunition in contravention of section 5; or

(b) shortens the barrels of a firearm or converts an imitation firearm into a firearm 2[or convert from any category of firearms mentioned in the Arms Rules, 2016 into any other category of firearms) in contravention of section 6; or

(c) +++ omitted

(d) brings into, or takes out of, India, any arms or ammunition of any class or description in contravention of section 11, shall be punishable with imprisonment for a term which shall not be less than 3[seven years but which may extend to imprisonmentfor life] and shall also be liable to fine."

25(1-B) Whoever-

(a) acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of section 3; or

(b) acquires, has in his possession or carries in any place notification under section 4 any arms of such class or descriptio specified in that notification in contravention of that section; or

(c) sells or transfers any firearm which does not bear the name of the maker manufacturer's number or other identification mark stamped or otherwise shown thereon as required by sub-section (2) of section 8 or does any act in contravention of sub-section (1) of that section; or

(d) being a person to whom sub-clause (ii) or sub-clause (iii) of clause (a) of sub-section (1) of section 9 applies, acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of that section; or shall be punishable with imprisonment for a term which shall not be less than 1[two years but which may extend to five years and shall also be liable to fine]

Provided that the Court may for any adequate and special reasons to be recorded in the judgement impose a sentence of imprisonment for a term of less than 2[two years).

20. આ કામે ફરિયાદ મુજબ આરોપી  ડાયાભાઇ ગોવીંદભાઇ જાદવે  ગેરકાયદેસર લાઇસન્સવીના પોતાના કબ્જામા દેશી બનાવટનો તમંચો કી.રૂ 5000/- રાખેલ છે   તેવી બાતમી મળતા પંચો ના બે માણસોને બોલાવી તેમની હાજરીમાં મુદ્દામાલ કબ્જે કરેલ છે.પરંતુ જ્યારે પુરાવો ધ્યાને લેવામાં આવે ત્યારે આ કામના પંચસાહેદો કે જેઓને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓએ જુબાની માં જણાવેલ છે કે પોલીસે પંચનામામાં તેમની ફક્ત  સહી લીધી હતી અને પંચનામુ તેમણે વાંચેલ નહિ કે તેમણે વાંચી સંભળાવવામાં આવેલ નહિ. સદર સાહેદો ઊલટતપાસમાં જણાવે છે કે તેમની હાજરીમાં આરોપી ની અટક થયેલ હોય અને  મુદ્દામાલ તમંચો પોલીસે કબ્જે કરેલ હોય તેવું બનેલ નહિ. આમ આ કામના પંચસાહેદોએ

ફરિયાદપક્ષના કેસ ને સમર્થન આપેલ નથી અને પંચનામાની વિગતો પણ પુરવાર થયેલ નથી.બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણા સ્વતંત્ર સાહેદ મળી શકે છે તેમ છતાં હાલના કેસને નિષ્પક્ષ તથા તટસ્થ સાહેદોનું સમર્થન મળ્યું નથી.સ્વતંત્ર સાહેદોના સમર્થન વિના કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ હથિયાર દેસી તમંચો એ હાલના આરોપી પાસેથીજ મળેલ છે તેવું માની શકાય નહિ.આગળ ચર્ચા કરતા પેહલા નીચે મુજબના પુરાવા ધ્યાને લેવા જરૂરી છે.

**1999 Cri LJ. 271 (SC).**

**Narsi v. State of Haryana**

*In absence of any independent evidence, seizure of a pistol and a cartridge from possession of the appellant becomes doubtful. It is also highly improbable that the appellant had presented himself with a weapon which was unlicensed. He had not gone there to make a confession. He had gone to the police station because he was wanted by the police in that case.* ***No other witness was examined by the prosecution on the point of recovery of a pistol and a cartridge from the possession of the appellant.*** *As the evidence of Ganga Ram does not appear to be truthful, the conviction of the appellant will have to be set aside.*

**1999 Cri LJ 3719 (All).**

**Ghasita v. State of U.P.**

***The prosecution case about the occurrence and the arrest and recoveries therein appears to be highly doubtful and the evidence, which was led in its support was highly unreliable.*** *Consequently, the conviction of appellant for the offence under Section-399/402, I.P.C. even under Section-25 of the Arms Act cannot be sustained.*

***A.I.R 1960 Guj. 24***

***State v Raijibhai Chaturbhai Solanki***

*"Where the presence of the panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conducting the search must ordinarily be corroborated, and that if there is no such corroboration, ordinarily, a conviction should not rest solely on the uncorroborated testimony of the Police Officer who conducted the search."*

*"**The corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of Panchas, is usually the evidence of one of the Panchas. At any rate the corroboration must be from a source independent of the Police Officer who made the search.**"*

21. ઉપરોક્ત ચુકાદાના પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લેતા હાલના કેસમાં ફરિયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ પોલીસ સાહેદો છે અને સદર કેસને કોઈ પણ તથસ્થ સાહેદનું સમર્થન મળેલ નથી અને આરોપી પાસે હથિયાર કબ્જે કરવામાં આવેલ છે, તે હકીકતને સ્વતંત્ર સાહેદોનું કે તથસ્થ સાહેદોનું સમર્થન મળેલ નથી.તેથી ઉપરોક્ત ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષના કેસને એક પણ સ્વતંત્ર પંચસાહેદથી સમર્થન મળતું નથી અને આર્મ્સ એક્ટ જેવા કેસમાં જ્યારે આર્મ્સની રિકવરીને જ પંચસાહેદો ના પુરાવાથી કોરરોબ્રેશન ના મળે  તે સંજોગોમાં આરોપીને આર્મ્સ એક્ટના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી જેથી હું મુદ્દા નં 1 નો જવાબ નકારમાં આપી મુદ્દા નં 2 માટે આખરી હુકમ ફરમાંવું છું.

**<u>હુકમ</u>**

1. આરોપી ડાયાભાઈ ગોવિંદભાઈ જાદવ ,ઉ.વ.48,રહે.રેફડા, તા.બરવાળા જી.બોટાદને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ 1973 ની કલમ 248(1) અન્વયે આર્મ્સ એક્ટ ની કલમ -25(1)(બી)(એ) મુજબ નાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

2. આરોપીઓ એ સુધારેલ સી.આર.પી.સી.ની કલમ -437(A) મુજબ અપીલ નાં કામે હાજર રેહવાની ખાતરી આપતો છ માસની સમય મર્યાદા માટેનાં આરોપીઓ એ રૂ.10,000/- ના જામીન અને એટલીજ રકમ નો મુચરકો અત્રે ની કોર્ટ માં રજૂ કરવો.

હુકમ આજરોજ 20 એપ્રિલ ,2026 નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ: બોટાદ

તારીખ:20/04/26

(એચ.એચ પટેલ)

જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,રાણપુર